Vol. 3, Issue: 1, January: 2015
(IJRSML) ISSN: 2321 - 2853

# માધ્યમિક શાળા કક્ષાએ જાતીય શિક્ષણ

ડૉ. પિનાકિનપ્રસાદ કે. યાજ્ઞિક
એસોસિયેટ પ્રોફેસર,
આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ- ગુજરાત

**સારાંશ**

માનવ વિકાસના મુખ્ય સાત તબક્કાઓમાં તરુણાવસ્થાનો તબક્કો અતિ અગત્યનો છે. માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ તરુણાવસ્થાના તબકકામાં હોય છે. આ તબકકામાં તરુણો જાતીયતાને લગતી હકીકતો જાણવા માટે હંમેશાં ઉત્સુક હોય છે. જાતીય શિક્ષણ ન આપવાથી તેઓ ખરાબ, ગંદા, અનધિકૃત સ્ત્રોતમાંથી એ માહિતી મેળવવાના છે જ તો આને બદલે આ અંગે યોગ્ય સમયે યોગ્ય રીતે જાતીય શિક્ષણ કેમ ન આપવું ? જાતીય જીવનનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ખીલવવા, સહશિક્ષણની ખરી સફળતા પ્રાપ્ત કરવા માટે શાળામાં જાતીય શિક્ષણ આપવું જોઈએ. પ્રવર્તમાન શિક્ષણકારોના મતે જાતીય શિક્ષણ આપવું એ હાલના સંજોગોમાં અતિ આવશ્યક છે. જાતીયતાને લગતી માહિતી મેળવવી એ વિદ્યાર્થીઓની મૂંઝવણ હોય છે. તેનો ઉકેલ શાળા દ્વારા તથા શિક્ષણ વ્યવસ્થાપકો દ્વારા યોગ્ય પ્રયુકિતઓથી, વૈજ્ઞાનિક ઢબે અને નૈતિકતાના ફલક પર અપાય તે ખૂબ જરૂરી છે.

**ચાવીરૂપ શબ્દો:** માધ્યમિક શાળા કક્ષા, જાતીય શિક્ષણ

## ૧. પ્રસ્તાવના

માનવ વિકાસના મુખ્ય સાત તબક્કાઓ છે, જેવા કે ગર્ભાવસ્થા, શિશુ અવસ્થા, કિશોરાવસ્થા, તરુણાવસ્થા, યુવાવસ્થા,પૌઢ ાવસ્થા અને વૃધ્ધાવસ્થા; જેમાં તરુણાવસ્થાનો તબક્કો અતિ અગત્યનો છે. માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ તરુણાવસ્થાના તબકકામાં હોય છે. તરુણાવસ્થા એ ૧૧–૧૨ વર્ષથી શરૂ કરીને ૧૭–૧૮ વર્ષ સુધીની હોય છે. આ તબકકામાં તરુણો જાતીયતાને લગતી હકીકતો જાણવા માટે હંમેશાં ઉત્સુક હોય છે.

જાતીય શિક્ષણ આપવા અંગે રૂઢિચુસ્ત માનસ ધરાવનારાઓ નકારાત્મક વલણ ધરાવે છે. તેમના મતે જાતીય શિક્ષણ હોઈ જ ન શકે? તેઓ માને છે કે જાતીયતા એ કુદરતી વિકાસ છે અને તેને અનુરૂપ વર્તન અને વલણ પણ યથા સમયે કુદરત કેળવી આપે છે, તરૂણોને આ જ્ઞાન આપવાથી એમની વૃત્તિઓ વધુ ઉત્તેજિત થાય છે અને તેઓ આ બાબતે ક્રિયાશીલ બને છે. આ શિક્ષણથી અયોગ્ય જાતીય સંબંધો વિકસે છે, આથી જાતીય શિક્ષણ આપવામાં ખૂબ જોખમ રહેલું છે એમ તેઓ માને છે. પરંતુ જાતીય શિક્ષણ આપવા અંગે હકારાત્મક વલણ ધરાવનારોઓનો સમાજમાં મોટો સમૂહ છે. એમના મતે, બાળકોને જાતીય શિક્ષણ ન આપવાથી તેઓ ખરાબ, ગંદા, અનધિકૃત સ્ત્રોતમાંથી એ માહિતી મેળવવાના છે જ તો આને બદલે આ અંગે યોગ્ય સમયે યોગ્ય રીતે જાતીય શિક્ષણ કેમ ન આપવું ? જાતીય જીવનનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ખીલવવા, સહશિક્ષણની ખરી સફળતા પ્રાપ્ત કરવા માટે શાળામાં જાતીય શિક્ષણ આપવું જોઈએ.

## ૨.જાતીય શિક્ષણનો અર્થ

"તરૂણાવસ્થામાં થતા ઝડપી શારીરિક વિકાસની સાથે સાથે થતા જાતીય અંગોનાં વૃધ્ધિ તથા વિકાસ સાથે ઉત્પન્ન થતી પ્રજનન ક્ષમતાને કેન્દ્રમાં રાખી અપાતું શિક્ષણ એટલે જાતીય શિક્ષણ. બીજી રીતે કહીએ તો, તરૂણાવસ્થા દરમિયાન તરુણોના શારીરિક વિકાસ, ચેષ્ટાવિકાસ, માનસિક વિકાસ સાંવેગિક વિકાસ, સામાજિક વિકાસ અને જાતીય અંગોના વિકાસથી ઉભી થતી મૂંઝવણોના નિવારણ માટે અપાતું શિક્ષણ એટલે જાતીય શિક્ષણ.

### ૩. જાતીય શિક્ષણનું મહત્ત્વ

- જાતીયતા અંગે મૌન સેવવાથી બાળકોમાં એક પ્રકારની અનિચ્છનીય જિજ્ઞાસા જાગૃત થાય છે. આ જિજ્ઞાસા માટે તેઓ બિન અધિકૃત અને વિકૃત સાધનોનો આશરો લે છે. જે જીવન માટે જોખમરૂપ બને છે. તે અટકાવવા અને જાતીયતા અંગેની મુકત ચર્ચા કરવા માટે જાતીય શિક્ષણ આપવું જરૂરી છે.
- વિદ્યાર્થીઓના શરીરમાં થતા ફેરફારોને લીધે તે શરમ, સંકોચ અનુભવે છે અને માનસિક રીતે વ્યથિત બને છે, દા.ત.પ્રથમ રજસ્રાવ વખતે તરુણીઓ અને સ્વપ્નદોષ થતા તરુણો ક્ષોભ, શરમ અને સંકોચ અનુભવે છે આથી તેમને જાતીય શિક્ષણ અચૂક આપવું જોઈએ.
- તરુણો પોતાને મૂંઝવતી જાતીય બાબતો અંગે પોતાનાં મિત્રો, પુસ્તકો, દંભી સેકસોલોજીસ્ટો વગેરે પાસેથી અધકચરુ અને કેટલીક વાર તદ્દન ખોટું જ્ઞાન મેળવે છે, જે તેમને ફાયદો કરવાને બદલે નુકશાન કરે છે. આ સંજોગોમાં તરુણોને જાતીય શિક્ષણ આપવું જરૂરી બને છે.
- અપૂરતા અને ખોટા જાતીય જ્ઞાનને કારણે તરુણ – તરુણીઓમાં ખોટા ખ્યાલો બંધાય છે. દા.ત. જાતીય અવયવોના કદ વિશે, લૈંગિક ક્રિયાનો અર્થ, ચુંબન કરવાથી ગર્ભ રહે....વગેરે. આ ખોટા ખ્યાલો અટકે તે માટે જાતીય શિક્ષણ આવશ્યક છે.
- તરુણો સ્વપ્નદોષ અને હસ્તમૈથુન જેવી ક્રિયાઓથી નપુંસક થઈ જવાનો ભય સેવે છે, અને પોતાને માટે શરમ અને દોષિત હોવાની લાગણી અનુભવે છે. તેમાંથી મુકત કરવા માટે જાતીય શિક્ષણ આપવું જરૂરી છે.
- તરુણ–તરુણીઓ એકબીજાથી સાવ ઉલટી ચિંતાઓ કરે છે. દા.ત. મોં પર આવતી રૂવાંટી ધીમી હોવાથી તરુણોને દાઢી મૂછ નહી ઉગે તેવી દહેશત રહે છે. જયારે તરુણીઓને આવી રૂંવાટીથી પોતાને દાઢી–મૂછ ઉગી તો નહિ જાય ને ? તેવી ચિંતા રહે છે. આ ચિંતાઓ દૂર કરવા જાતીય શિક્ષણ આપવું જરૂરી છે.
- શાળાઓમાં સહશિક્ષણની સમસ્યાઓના ઝડપી ઉકેલ માટે તથા તેની સફળતા માટે જાતીય શિક્ષણ જરૂરી છે.
- ભીંતો કે ટોયલેટમાંના બિભત્સ લખાણો, ગંદા ચલચિત્રો, નિમ્ન સ્તરનું બજારું અશ્લીલ સાહિત્ય વગેરેમાંથી તરુણોને મુકત રાખવા માટે જાતીય શિક્ષણ આપવું જરૂરી છે.
- તરુણ–તરુણીઓને ભાવિ–જીવનમાં યોગ્ય પ્રકારનું જાતીય અનુકૂલન સાધી શકે તે માટે જાતીય શિક્ષણ આપવું જરૂરી છે.
- તરુણ–તરુણીઓને જાતીય રોગોના ભોગ બનતાં અટકાવવા માટે જાતીય શિક્ષણ જરૂરી છે.
- તરુણાવસ્થામાં બીભત્સ આકર્ષણ સહજ છે. આથી તરુણોમાં આ અંગે બિનતંદુરસ્ત વલણો ન કેળવાય તે માટે પણ જાતીય શિક્ષણ જરૂરી છે.
- તરુણ–તરુણીઓમાં રહેલી જાતીય વૃત્તિ અને શકિતઓના ઉર્ધ્વીકરણ માટે જાતીય શિક્ષણ આપવું જરૂરી છે.
- તરુણ–તરુણીઓના તંદુરસ્ત અને સમાયોજિત જાતીય વિકાસ માટે પણ જાતીય શિક્ષણ અત્યંત જરૂરી છે.

આમ, જાતીય શિક્ષણ આપવાથી બાળકોનો સર્વાંગીણ વિકાસ શકય બને છે અને માનસિક સ્વાસ્થ્ય કેળવાય છે. એટલું જ નહિ પણ વિદ્યાર્થીઓમાં જાતીયતા અંગેનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે છે. પરિણામે જાતીયતા તરફનો વૈજ્ઞાનિક અભિગમ કેળવાય છે, જે તેમના અંગત ભાવિ– જીવનમાં ખૂબ ઉપયોગી અને અસરકારક પૂરવાર થાય છે.

### ૪. જાતીય શિક્ષણમાં શું શીખવવું ?

જાતીય શિક્ષણનું મહત્વ જાણ્યા પછી સ્પષ્ટ થઈ જવાય કે તેમાં કઈ કઈ બાબતોનું શિક્ષણ હોવું જોઈએ. સામાન્ય રીતે નીચેના જેવી બાબતોની સમાવેશ થવો જરૂરી છે.

- સ્ત્રી–પુરૂષોના જનન અવયવોની રચના,કાર્ય અને તેમની વચ્ચેનો તફાવત.
- ગર્ભ વિકાસની પ્રક્રિયા

- બાળકનો વર્ષવાર ઉછેર તથા તે ઉંમરે થતા ફેરફારો
- સ્વપ્નદોષ
- રજોદર્શન
- સ્ત્રી–પુરૂષ લૈંગિક સંબંધ
- સંતતિ નિયમનની માહિતી
- જાતીય રોગો અને કુટેવોની માહિતી
- લગ્ન બહારના જાતીય અનિયંત્રિત સંબંધોથી સમાજમાં ઉભું થતું અસંતુલન.
- એઈડસ તથા જાતીયરોગો

**૫. જાતીય શિક્ષણ કયારે આપવું ?**

સામાન્ય રીતે જાતીય શિક્ષણ કિશોરાવસ્થા પૂરી થાય અને તરુણાવસ્થા શરૂ થાય તે સમયે આપવું હિતાવહ છે. કારણ કે કિશોરાવસ્થાના અંત ભાગમાં તેમનામાં શિક્ષણ સમજવાની ક્ષમતા આવી જાય છે. વળી, તે સમયે તેમની જાતીયવૃતિ એટલી બધી પ્રબળ હોતી નથી. તેથી જાતીય શિક્ષણ અંગેની વાતો તેમની જાતીય વૃત્તિને બહુ અસર કરતી નથી. તરુણાવસ્થાની શરૂઆતમાં જો જાતીય શિક્ષણ આપવામાં આવે તો તે અવસ્થામાં તેમનામાં વૃત્તિ પ્રબળ બને તે પહેલાં વ્યકિત સાચી સમજ પ્રાપ્ત કરે છે. પરિણામે તે તરુણાવસ્થા દરમિયાન અને ત્યારબાદ જાતીય વૃત્તિઓથી મુકત રહે છે.

જાતીય શિક્ષણ બાળકોને પરિવારમાં મા–બાપ દ્વારા અપાય તો તે વધારે ઉચિત ગણાય. માતા દીકરીને અને પિતા દીકરાને યોગ્ય ઉંમરે સમજીને આ શિક્ષણ આપે તે વધારે હિતાવહ છે. આ ઉપરાંત આ વિષયના તજજ્ઞો, વિષય–શિક્ષકો, અનુભવી ડોકટરો, મનોચિકિત્સકો,નર્સો તથા તાલીમ પામેલા શિક્ષકો દ્વારા અપાય તે જરૂરી છે.

જાતીય શિક્ષણમાં પ્રથમ ૧૧–૧૨ વર્ષની ઉંમરે તરુણીઓને, રજોદર્શન પહેલાં અને પછી, ગુપ્તાંગોની જાળવણી, સ્વચ્છતા, સફાઈ વગેરેની માહિતી યોગ્ય પધ્ધતિ દ્વારા આપવી જોઈએ. તે જ રીતે તરુણોને ૧૨–૧૩ વર્ષની ઉંમરે સ્વપ્રદોષ, હસ્તમૈથુન, ગુપ્તાંગની જાળવણી, તેની સ્વચ્છતા કેવી રીતે રાખવી વગેરેની યોગ્ય સમજ આપવી જોઈએ. આ સાથે બંનેને શરીરમાં થતા માનસિક અને શારીરિક ફેરફારોથી પણ માહિતગાર કરવા જોઈએ. વિદ્યાર્થીઓની ઉંમર ૧૪–૧૬ વર્ષની થાય ત્યારે સ્ત્રી–પુરૂષ લૈંગિક સંબંધની સ્પષ્ટ સમજ આપવી. તરુણ–તરુણીઓની ૧૮ વર્ષની ઉંમર થાય ત્યાં સુધીમાં પ્રજોત્પતિની પ્રક્રિયા, લગ્નજીવનની વફાદારી, બાળકનો વર્ષવાર ઉછેર, સંતતિ નિયમન, સજાતીય સંબંધો, અનૈતિક સંબંધો તથા જાતીય રોગો વિશેની સંપૂર્ણ સમજ આપવી જોઈએ.

પ્રવર્તમાન શિક્ષણકારોના મતે જાતીય શિક્ષણ આપવું એ હાલના સંજોગોમાં અતિ આવશ્યક છે. જાતીયતાને લગતી માહિતી મેળવવી એ વિદ્યાર્થીઓની મૂંઝવણ હોય છે. તેનો ઉકેલ શાળા દ્વારા તથા શિક્ષણ વ્યવસ્થાપકો દ્વારા યોગ્ય પ્રયુકિતઓથી, વૈજ્ઞાનિક ઢબે અને નૈતિકતાના ફલક પર અપાય તે ખૂબ જરૂરી છે.

**References**


1. Carrera, M. (1981). Sex: The facts, The Acts and Your Feelings. London: Mitchell Beazley Publishers.
2. Cobb, J. Nancy. (1996). Adolescence-Continuity, Change and Diversity. USA: Mayfield Publishing Company.
3. Dhun, Panthaki. (2005). Education in Human Sexuality - A Source Book for Educators. Delhi: Family Planning Association India.
4. Steinberg, L. (1999). Adolescence (5th Edition) McGraw-Hill.
5. www.sodhganga.in
6. www.wikipedia.com